"મહિલા સ્વરોજગાર મેળા / લોન ધિરાણ મેળા
(મુદ્રા કેમ્પ) યોજના અમલમાં મૂકવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃમસક/૧૮૨૦૧૯/૯૫૯/અ
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૩/૦૧/૨૦૨૦

વંચાણે લીધાઃ-

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક મસક/૧૮૨૦૧૯/૯૫૯/અ, તા.૨૧/૮/૨૦૧૯

(૨) ગુજરાત રાજય મહિલા આર્થિક વિકાસ નિગમ લી. ગાંધીનગરની સિંગલ ફાઇલથી મળેલ દરખાસ્ત.

આમુખઃ-

ઉપર વંચાણે લીધા ક્રમાંક (૧) વાળા ઠરાવથી સ્વરોજગાર મેળા / મુદ્રા કેમ્પ(લોન ધિરાણ મેળા) યોજવા અંગે વર્ષ ૨૦૧૯-૨૦ ના બજેટમાં રૂા.૨૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇ નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ મેળાઓનું આયોજન કરવા માટે ઠરાવવામાં આવેલ છે.

ક્રમ	વિગત	રકમ (રૂા.લાખમાં)
૧	રાજયના ૩૩ જિલ્લાઓમાં દરેક જિલ્લામાં બે લેખે કુલ-૬૬ સ્વરોજગાર મેળા માટે પ્રતિ મેળા લેખે રૂા.૨.૦૦ લાખની સહાય પેટે (૬૬ x ૨)	૧૩૨.૦૦
૨	રાજયમાં ૩૪ લોન મેળા માટે પ્રતિ મેળા દીઠ રૂા.૨.૦૦ લાખની સહાય પેટે (૩૪ x ૨)	૬૮.૦૦
		૨૦૦.૦૦

વંચાણે લીધા ક્રમાંક (૨) થી ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી દ્વારા સિંગલ ફાઇલ ઉપરની દરખાસ્તથી મહિલા સ્વરોજગાર મેળા / લોન ધિરાણ મેળાની યોજનાનો અમલ દરેક જિલ્લા પંચાયત સાથે પરામર્શમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા કરવા તથા ગ્રાંટ ફાળવવા માટે જરૂરી માર્ગદર્શક સૂચનાઓ પ્રસિધ્ધ કરવાની જરૂરીયાત જણાવેલ છે. જે અંગે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવઃ-

(૧) જિલ્લા મહિલા અને બાળ અધિકારી દ્વારા દરેક જિલ્લા પંચાયતો મારફત મહાનગરપાલિકા / નગરપાલિકા / ચેમ્બર ઓફ કોમર્સ અને અન્ય ઔદ્યોગીક સંસ્થાઓના સંકલનથી કુલ ૬૬ મહિલા સ્વરોજગાર મેળાનું આયોજન કરવાનું રહેશે. આ મેળા યોજવા માટે પ્રત્યેક મેળા દીઠ રૂા.૨.૦૦ લાખની સહાય આપવામાં આવશે.

(૨) મહિલા લોન ધિરાણ મેળાનું (મુદ્રા કેમ્પ) આયોજન મહિલા અને બાળ અધિકારી દ્વારા જિલ્લા પંચાયતના પરામર્શમાં મહાનગરપાલિકા / નગરપાલિકા / બેંકોના સહયોગથી અમદાવાદ જિલ્લામાં જિલ્લા પંચાયત તથા મહાનગરપાલિકાના પરામર્શમાં ૨(બે) તથા અન્ય દરેક જિલ્લા

દીઠ ૧ એમ કુલ ૩૪ મેળા યોજવાના રહે છે. પ્રત્યેક મેળા દીઠ રૂા.૨.૦૦ લાખની સહાય આપવામાં આવશે.

(૩) એક સ્વરોજગાર મેળો / લોન ધિરાણ મેળા માટે નીચેના કોઠાની વિગતે અંદાજીત ખર્ચ મુજબ ૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ) કરવાનો રહેશે.

ક્રમ	કામગીરીની વિગત	અંદાજીત ખર્ચની રકમ ૫૦૦ મહિલા દીઠ (રૂપિયામાં)
૧	સર્વે કામગીરી જેમ કે, મહિલાઓનો સંપર્ક, ભાડે વાહન રાખવા, પેટ્રોલ ખર્ચ ઇત્યાદિ.	૬૦,૦૦૦/-
૨	પ્રેસ પબ્લીસીટી, મીડીયા, આમંત્રણ પત્રિકા, સ્ટેશનરી પ્રસિધ્ધિ ઇત્યાદિ ખર્ચ	૨૦,૦૦૦/-
૩	સ્વરોજગાર મેળો / લોન ધિરાણ મેળા માટેના હોલ ભાડાના / મંડપ, ઇત્યાદી આનુસાંગીક ખર્ચ અને અન્ય ખર્ચ	૫૦,૦૦૦/-
૪	મહિલાઓ માટે ચા-નાસ્તો, પાણીની વ્યવસ્થા	૨૦,૦૦૦/-
૫	ફોટોગ્રાફી ખર્ચ	૧૦,૦૦૦/-
૬	મહિલાઓ માટે મેળાના સ્થળે આવવા જવાનો ખર્ચ (૫૦૦ x ૮૦)	૪૦,૦૦૦/-
	કુલ	૨,૦૦,૦૦૦/-

ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ ખર્ચની રકમ અંદાજીત છે. કોઠામાં દર્શાવેલ જુદી જુદી કામગીરી માટે આઇટમ વાર અંદાજીત ખર્ચની રકમ સ્વ વિવેક પૂર્વક મેળા યોજવાના પ્રસંગે સ્થળ પરની સાચી પરિસ્થિતિને ધ્યાને લઇ આંતરીક ફેરફારથી તેમજ નિયત ખર્ચની રકમ ૨,૦૦,૦૦૦/- (બે લાખ) ની મર્યાદામાં જ રહે તે જોવાનું રહેશે.

(૪) દરેક મહિલા બાળ અધિકારીએ મેળાઓ યોજીને તેમાં થયેલ ખર્ચના યુ.ટી.સી. દિન-૧૫ માં ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી. ને મોકલવાના રહેશે. તેમજ યોજેલ મેળાની માહિતી નીચે મુજબના પત્રકોમાં આપવાની રહેશે.

મહિલા સ્વરોજગાર મેળાની માહિતી

પત્રક-અ

ક્રમ	મેળાનું સ્થળ	મેળામાં ભાગ લીધેલ સંસ્થાનું નામ, સરનામું, ફોન નં.	મેળામાં હાજર રહેલ અધિકારીનું નામ, સરનામું, ફોન નં.

પત્રક-બ

ક્રમ	મેળામાં સ્વરોજગાર મેળવનાર લાભાર્થી મહિલાનું નામ, સરનામું, ફોન નં.	સ્વરોજગાર આપનાર સંસ્થાનું નામ, સરનામું, ફોન નં.	માસિક આવક

મેળામાં ભાગ લીધેલ હોય, પરંતુ સ્વરોજગાર મળેલ ન હોય તેવી મહિલાઓની યાદી અલગથી આપવાની રહેશે.

મહિલા લોન ધિરાણ મેળા (મુદ્રા કેમ્પ)ની માહિતી

પત્રક-અ

ક્રમ	મેળાનું સ્થળ	મેળામાં ભાગ લીધેલ સંસ્થાનું નામ, સરનામું, ફોન નં.	મેળામાં હાજર રહેલ અધિકારીનું નામ, સરનામું, ફોન નં.

પત્રક-બ

ક્રમ	મેળામાં લોન મળેલ લાભાર્થી મહિલાનું નામ સરનામું, ફોન નં.	લોન આપનાર નાણાંકીય સંસ્થા / બેંકનું નામ, સરનામું, ફોન નં.	લોનની રકમ	સબસીડીની રકમ

મેળામાં ભાગ લીધેલ હોય પરંતુ લોન મળેલ ન હોય તેવી મહિલાઓની યાદી અલગથી આપવાની રહેશે.

ઉપરોક્ત મહિલા સ્વરોજગાર મેળા / લોન ધિરાણ મેળા(મુદ્રા કેમ્પ) યોજવા દરેક મહિલા અને બાળ અધિકારીએ આપેલ લક્ષ્યાંક મુજબ તેમજ ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(હંસાબેન મેજીયાતર)
સંયુક્ત સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨ ,સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, બ્લોક નં.૪, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મેનેજિંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી. ૮/૯, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી (ICDS), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦,ડૉ,જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- અધિક કમિશ્નરશ્રી, મહિલા વિંગ, કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦,ડૉ,જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, જેન્ડર રિસોર્સ સેન્ટર, બ્લોક નં.-૧, પોલિટેકનિક કેમ્પસ,આંબાવાડી, અમદાવાદ.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય મહિલા આયોગ, બ્લોક નં-૪/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય સમાજ કલ્યાણ બોર્ડ, પાલડી, અમદાવાદ

- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ મારફતે } ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી.
- તમામ મહિલા અને બાળ અધિકારીશ્રીઓ.
- સિસ્ટમ મેનેજર, મહિલા અને બાળ વિકાસ વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા જરૂરી કાર્યવાહી કરવા સારૂ.
- સિલેક્ટ ફાઇલ